દિવ્યાંગ લગ્ન સહાયમાં વધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંક- SJED/NIR/e-file/17/2024/2160/CHH-1**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. /૦૫/૨૦૨૫.**

6 JUN 2025

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૬/૩૦૯૧૪૨/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૩/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:- SJED/NIR/e-file/17/2024/2160/CHH-1

**સુધારા ઠરાવ:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવની જોગવાઈ ક્રમાંક-૩ મુજબ દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં સહાયમાં વધારો કરી રૂ.૫૦,૦૦૦/- કરવામાં આવેલ હતી. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી સહાયમાં વધારો કરી રૂ.૭૫,૦૦૦/- કરવામાં આવેલ છે.

જે દિવ્યાંગ લાભાર્થીના લગ્ન તા.૦૧/૦૪/૨૦૨૫ના રોજ કે ત્યારબાદ થયેલ હોય, તેઓને લગ્ન સહાયમાં રૂ.૭૫,૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે. તે અગાઉ જે દિવ્યાંગ લાભાર્થીના લગ્ન થયેલ હોય, તેઓને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવની જોગવાઈ ક્રમાંક-૩ મુજબ રૂ.૫૦,૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે. આ યોજનાની અન્ય તમામ શરતો / વિગતો યથાવત રહેશે.

ઉક્ત ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

File No: SJED/NIR/e-file/17/2024/2160/CHH-1 Section
Approved By: Minister,Minister Office SJED,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*